પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૪૫ | ૧૭ નવેમ્બર, ૨૦૧૯, રવિવાર; કારતક વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સંસદનુ શિયાળુ સત્ર તોફાની બનશે

**આવતીકાલથી શરૂ થતા સત્રને લઇને તમામ તૈયારી પૂર્ણ : મોદી સરકાર સત્રમાં નાગરિકતા સુધારા બિલ રજૂ કરવા ઇચ્છુક છે : વિપક્ષી દળ પહેલાથી વિરોધમાં : લોકસભામાં પેશ કરવા ૨૨ બિલ લિસ્ટ કરાયા છે**



નવીદિલ્હી,તા. ૧૬

રાજકીય વર્તુળોમાં જેની રાહ જોવામાં આવી રહી હતી તે સંસદનુ શિયાળુ સત્ર ભારે તોફાની બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. એકબાજુ સરકાર આ સત્ર દરમિયાન કેટલાક મહત્વપૂર્ણ બિલ રજૂ કરવા માટે કમર કસી ચુકી છે. બીજી બાજુ વિરોધ પક્ષો સરકારને આર્થિક મુદ્દા સહિત જુદા જુદા વિષય પર ભીંસમાં લેવા માટે તૈયાર છે. ખાસ કરીને કોંગ્રેસ પાર્ટી સત્ર દરમિયાન આર્થિક મંદીને લઈને સરકાર પર પ્રહારો કરી શકે છે. ૧૮મી નવેમ્બરના દિવસથી સત્રની શરૂઆત થઈ રહી છે. કેટલાક મહત્વપૂર્ણ બિલ આમાં પાસ કરવામાં આવનાર છે. સંસદના આ સત્ર દરમિયાન નાગરિક સુધારા બિલ સહિત કેટલાક બિલ રજૂ કરીને પાસ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર કમર કસી ચુકી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે કોંગ્રેસ પાર્ટીએ શરૂઆતથી જ નાગરિક સુધારા બિલનો વિરોધ કર્યો છે. જેથી આ મુદ્દા પર સરકાર અને કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો સામ સામે રહી શકે છે. કોંગ્રેસ પાર્ટી બિલનો વિરોધ કરી રહી છે. જમ્મુ કાશ્મીરમાં પ્રવર્તી રહેલી સ્થિતીને લઈને પણ સત્ર દરમિયાન ચર્ચા કરવામાં આવી શકે છે. અર્થવ્યવસ્થાની ધીમી ગતિને લઈને પણ વિરોધ પક્ષો સરકારને મુશ્કેલીમાં મુકવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે.

### સત્રમાં ક્યા મુદ્દા છવાશે

- કલમ ૩૭૦ની નાબુદી બાદ જમ્મુ કાશ્મીરમાં હાલની સ્થિતી
- આર્થિક મંદીની હાલની સ્થિતી
- ત્રાસવાદ અને આંતરિક સુરક્ષા
- નાગરિક સુધારા બિલ
- યુરોપિયન સાંસદના કાશ્મીર પ્રવાસ
- મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં રાજકીય સ્થિતી
- બરોજગારીની વધતી જતી સમસ્યા
- દિલ્હી અને એનસીઆર સહિત દેશના જુદા જુદા ભાગોમાં પ્રદુષણની ગંભીર સ્થિતી
- અયોધ્યા મામલે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ સ્થિતી

● અનુસંધાન પાન-૭ પર

# હવે દિલ્હીમાં પીવાનું પાણી પણ શુદ્ધ નથી

**૨૧ રાજ્યોના પાટનગરના પીવાના પાણીનુ રેન્કિંગ જાહેર : દેશની આર્થિક રાજધાની મુંબઇમાં પાણીની ગુણવત્તા સૌથી શ્રેષ્ઠ : હૈદરાબાદ બીજા અને ભુવનેશ્વર ત્રીજા સ્થાને**

## ગાંધીનગર ૧૪મા ક્રમે

ન્યુ દિલ્હી, તા.૧૬

સમગ્ર દેશમાં રાજધાની દિલ્હીમાં હવાની સાથે હવે પીવાના પાણીની ગુણવત્તા પણ સાવ તળિયે ગઈ છે. દેશના ૨૧ મોટા શહેરોમાંથી લેવાયેલા પીવાના પાણીના નમૂનાની ચકાસણીમાં દિલ્હીનું પીવાનું પાણી સૌથી ખરાબ પ્રદૂષિત સાબિત થયું છે. જ્યારે આખા દેશમાં જ્યાં સૌથી વધારે ગીચોગીચ વસ્તી છે તે દેશની આર્થિક રાજધાની મુંબઈમાં પાણીની ગુણવત્તા સૌથી સારી પૂરવાર થઈ છે. દેશભરના ૨૧ શહેરોના પાણીના નમૂનાઓની લેબોરેટરીમાં ચકાસણી કર્યા બાદ કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી રામ વિલાસ પાસવાને આજે શનિવારે પાણીની ગુણવત્તાના આધારે દેશના ૨૧

● અનુસંધાન પાન-૭ પર



# પ્રથમ ટેસ્ટ મેચમાં બાંગ્લા પર ભારતની ભવ્ય જીત

**મંયક અગ્રવાલની બેવડી સદી- બોલરોના શાનદાર દેખાવથી ઇનિગ્સ અને ૧૩૦ રને ભારતની જીત : ભારતની ૧-૦ની લીડ**

ઈન્દોર,તા. ૧૬

ભારતીય ક્રિકેટ ટીમે ઓપનિંગ બેટ્સમેન મંયક અગ્રવાલની શાનદાર બેવડી સદી અને ત્યારબાદ બોલરોની શાનદાર બોલિંગની મદદથી આજે ઈન્દોર ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં પ્રવાસી બાંગ્લાદેશ પર એક ઈનિગ્સ અને ૧૩૦ રને જીત મેળવી હતી. આની સાથે જ બાગ્લાદેશ પર શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી હતી. બાગ્લાદેશની ટીમના બેટ્સમેનો બંને ઈનિગ્સમાં ભારતીય બોલરોની સામે સંઘર્ષ કરતા નજરે પડ્યા હતા. ભારતીય બોલરોની જોરદાર લાઈન અને લેન્થ સાથે કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### કાશ્મીરના જવાનોને બે ગણુ એચઆરએ

જમ્મુ-કાશ્મીરમાં તૈનાત સુરક્ષાદળોના જવાનોને હવે બે ગણુ એચઆરએ મળશે. કેન્દ્ર સરકારે આ નિર્ણય લેતા જવાનોમાં ખુશીનો માહોલ છે. આ મામલે અનેક રજૂઆતો મળતા કેન્દ્ર સરકારે જવાનોના હિતમાં આ નિર્ણય લીધો છે.

### પાક. એટીસીએ ભારતીય વિમાનને દુર્ઘટનામાંથી બચાવ્યુ

જયપુરથી ઓમાનની રાજધાની મસ્કત જઈ રહેલા એક વિમાનને પાકિસ્તાન એર ટ્રાફિક કંટ્રોલરે દુર્ઘટનાગ્રસ્ત થતો બચાવી લીધો છે. આ વિમાન ખરાબ મોસમના કારણે વિજળીની ચપેટમાં આવી ગયો હતો. પાયલોટે એલર્ટ જાહેર કરતા પાકિસ્તાન એર ટ્રાફિક કંટ્રોલે આ વિમાનને સુરક્ષિત બહાર નીકળવા અન્ય હવાઈ માર્ગો ખુલ્લા કરી આપ્યા હતા.

### સબરીમાલાના કપાટ ખુલ્યા

વિવાદ બાદ સબરીમાલા મંદિરના કપાટ ખુલી ગયા છે. જો કે કપાટ ખુલતા જ દર્શન માટે પહોંચેલી દસ મહિલાઓની પોલીસે અટકાયત કરી હતી. રાજ્ય સરકારે આ મામલે કહ્યુ છે કે મંદિર પ્રદર્શનની જગ્યા નથી.

### અનિલ અંબાણીનુ રાજીનામુ

દેવાની જાળમાં ફસાયેલા રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીએ રિલાયન્સ કમ્યુનિકેશનના ડિરેક્ટર પદેથી રાજીનામુ આપી દીધુ છે. સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં કંપનીને ૩૦૧૪૨ કરોડનુ નુકશાન થયુ છે. અન્ય ચાર ડિરેક્ટરો પણ કંપની છોડીને જતા રહ્યા છે.

### ગોગોઇનો ઝેડ પ્લસ કેટેગરીની સુરક્ષા અપાશે

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિવૃત્ત થયેલા ચીફ જસ્ટિસ રંજન ગોગોઈને આસામમાં ઝેડ પ્લસ કેટેગરીની સુરક્ષા વ્યવસ્થા આપવામાં આવશે.







